# ઉત્તરભારત કાતીલ ઠંડીના સકંજામાં

## લેહમા માઈનસ ૧૩.૯ ડિગ્રી : વિમાની સેવા પણ ખોરવાઈ : ઠંડીથી રાહત મળશે નહીં

નવીદિલ્હી,તા. ૨૦

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયું છે. ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. સેંકડો ટ્રેનો એકથી ૧૨ કલાક સુધી મોડેથી દોડી રહી છે. આ ઉપરાંત વિમાની સેવા પણ ખોરવાઈ ગઈ છે. દિલ્હી સહિત જુદા જુદા વિમાની મથકોએ વિજિબિલીટી ઘટી જતાં વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી જેથી ભારે અંધાધૂંધીની સ્થિતિ વિમાની મથક ઉપર સર્જાઈ હતી. આ ઉપરાંત ટ્રેન સેવા પણ ખોરવાતા લોકો અટવાઈ પડ્યા હતા. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ પારો વધુ ગગડી ગયો છે. સિઝનમાં સૌથી ઓછુ તાપમાન નોંધાયું છે. ચિલ્લાઈકલાનનો ૪૦ દિવસનો ગાળો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે. શ્રીનગરમાં હવે માઈનસ ૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. શહેરમાં લઘુત્તમ તાપમાન ઓછું નોંધાયું છે. દક્ષિણ કાશ્મીરના પહેલગામ હિલ રિસોર્ટમાં પણ પારો માઈનસ ૬.૨ ડિગ્રી થયો છે જે ગઈકાલે માઈનસ ૭.૨ ડિગ્રી હતું. ઉત્તર કાશ્મીરમાં સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ત્રણ ડિગ્રી તાપમાન રહ્યું છે જ્યારે ગઈકાલે મોડીરાત્રે તાપમાન માઈન ૨.૬ ડિગ્રી નોંધાયું હતું. કુંપવારામાં માઈનસ ૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જમ્મુ કાશ્મીરમાં ૪૦ દિવસમાં સૌથી મુશ્કેલરુપ શિયાળાના ગાળાની




આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. લદાખ પ્રદેશમાં આજે માઈનસ ૧૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જ્યારે લેહમાં માઈનસ ૧૩.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર જામેલી છે. રાજસ્થાન, પંજાબ અને હરિણામામાં ધુમ્મસ અને શીતલહેરના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે હજારો પ્રવાસી જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા છે. મનાલીમાં રેકોર્ડ માઈનસ તાપમાન નોંધાયું છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. મનાલીમાં મોટી સંખ્યમાં લોકો અટવાઈ ગયા છે. હિમાચલમાં સતત હિમવર્ષા થઈ રહી છે. લોકપ્રિય ટ્યુરિસ્ટ રિસોર્ટ મનાલી અને કુલ્લુ ખીણમાં લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ઉત્તરાખંડમાં પણ ભારે હિમવર્ષા થઈ છે. મેદાની ભાગોમાં પણ કોઈ રાહત મળી નથી. દિલ્હીમાં અને દેશના અન્ય ભાગોમાં ધુમ્મસની અસર જોવા મળી છે. દિલ્હીમાં ધુમ્મસના લીધે સેંકડો ટ્રેનોને અસર થઈ હતી. ઉત્તરપ્રદેશના વિવિધ ભાગોમાં તાપમાન ખુબ નીચે ગગડી ગયું છે. આવી જ રીતે રાજસ્થાનમાં પણ લોકોને કોઈ રાહત મળી નથી. માઉન્ટ આબુમાં તાપમાન નીચું ગયું છે. બીજી બાજુ કેન્દ્ર સરકારે ભારે હિમવર્ષા બાદ હાલ મનાલી ન જવાની સલાહ પ્રવાસીઓને આપી છે. ચારે બાજુ બરફના થર જામી ગયા છે. કેટલાક વિસ્તારોમાં તાપમાન માઈનસમાં છે. છેલ્લા બે દિવસમાં ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને દેશના અન્ય ભાગોમાં ધુમ્મસના કારણે અકસ્માતોના બનાવો પણ બન્યા છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. રેકોર્ડ હિમવર્ષાના કારણે જટિલ સ્થિતી ઉભી થઈ છે.

**પાકિસ્તાનને એક અબજ ડોલરની ફાળવણી**

## મહાકાય સંરક્ષણ બિલ ઉપર બરાક ઓબામાના હસ્તાક્ષર

ઈસ્લામાબાદ,તા. ૨૦

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ મહાકાય વાર્ષિક સંરક્ષણ બજેટ બિલ પર હસ્તાક્ષર કરી દીધા છે આ બિલમાં પાકિસ્તાનને એક અબજ ડોલર આપવાની વાત કરવામાં આવી છે. યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાં અમેરિકી લશ્કરી ઓપરેસનના ટેકામાં તેની સેના દ્વારા કરવામાં આવેલા ખર્ચ બદલ પાકિસ્તાનને એક અબજ ડોલરની ગ્રાન્ટ આપવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માટેના નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ પર ઓબામાએ ગઈકાલે હસ્તાક્ષર કર્યા હતા. આની સાથે જ એકંદરે સંરક્ષણ ખર્ચનો આંકડો ૫૭૮ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. જે બિલમાં પાકિસ્તાનને એક અબજ ડોલરની સહાયતા ટેકા બદલ આપવામાં આવી રહી છે. કોલિશન સપોર્ટ ફંડના ભાગરૂપે પાકિસ્તાનને આ રકમ મળનાર છે.

કોલિશન સપોર્ટ ફંડ કોઈ લશ્કરી સહાય નથી પરંતુ અફઘાનિસ્તાનમાં અમેરિકાના લશ્કરી ઓપરેશનના સમર્થનમાં તેની સેના દ્વારા કરવામાં




આવેલા ખર્ચ બદલ આ રકમ આપવામાં આવી રહી છે. જો કે આ રકમ આપતી વેળા તેની સાથે કેટલીક શરતો જોડાયેલી છે. જેમાં ત્રાસવાદી સંગઠનો સામે અને ખાસ કરીને ભારે નેટવર્ક ધરાવનાર હક્કાની નેટવર્ક સામે કઠોર પગલા લેવાની બાબત સામેલ છે. અમેરિકા અને પાકિસ્તાન હવે સીએસએફને લંબાવી દેવાના મામલે વાતચીત કરનાર છે. અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સેનિકો ખસી ગયા બાદ પણ સીએસએફને વધારી દેવાના મામલે ચર્ચા થઈ રહી છે. અમેરકા-પાકિસ્તાન દ્વિપક્ષીય સુરક્ષા સહકાર અંગે કોંગ્રેસને અહેવાલ સોંપી દેવા સંરક્ષણ પ્રધાનને કહેવામાં આવ્યું છે. જો કે પાકિસ્તાનને અમેરિકા દ્વારા મદદને લઈને ભારત સરકાર દ્વારા વાંધો ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે.

**ધર્માંતરણને લઈને જારી તીવ્ર વિવાદ વચ્ચે આક્રમક નિવેદન**

## ટૂંક સમયમાં હિન્દુ રાષ્ટ્ર માટેનું સ્વપ્ન પૂર્ણ થશે : મોહન ભાગવત

કોલકાતા,તા. ૨૦

ધર્માંતરણ ઉપર જારી જોરદાર ધાંધલ ધમાલ વચ્ચે વિવાદની સ્થિતિ ઉભી થયા બાદ હવે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત પણ ચર્ચામાં ઉતરી પડ્યા છે. મોહન ભાગવતે આજે કહ્યું હતું કે, યુવાનોની યુવાની પહેલા દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવી દેવામાં આવશે. મોહન ભાગવતે પાકિસ્તાનને પણ ભારતની ભૂમિ તરીકે ગણાવી હતી. મોહન ભાગવતે કહ્યું હતું કે, ટુંકા ગાળામાં જ હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટેનું સ્વપ્ન પરિપૂર્ણ થઈ જશે. આમા હવે વધારે વિલંબ થશે નહીં. ભાગવતે કહ્યું હતું કે, હિન્દુ સમાજના લોકો હવે જાગી ગયા છે. કોઈને પણ ડરવાની જરૂર નથી. અમે કોઈનું ધર્માંતરણ કરી રહ્યા નથી પરંતુ રસ્તા ભુલી ગયેલા લોકોને પરત લાવી રહ્યા છે. અમારા લોકો પણ આવી જ સ્થિતિમાં અન્ય જાતિમાં જતા રહ્યા હતા. લોભ લાલચ આપીને લૂટી લેવામાં આવ્યા હતા. અમારી ચીજવસ્તુઓ લુટી લેવામાં આવી હતી. અમે અમારી ચીજવસ્તુઓ પરત મેળવી રહ્યા છીએ. કોઈને કોઈ તકલીફ હોવી



જોઈએ નહીં. જો આમા કોઈ તકલીફ છે તો કાયદો લાવી શકાય છે. વિશ્વ હિન્દુ પરિષદના એક સંમેલનમાં ભાગવતે કહ્યું હતું કે, હિન્દુ વગર કોઈનું પણ કલ્યામ થઈ શકશે નહીં. અમે કોઈનું ધર્મ પરિવર્તન કરી રહ્યા નથી પરંતુ હિન્દુ બદલાવ નહીં લાવે તો હિન્દુત્વ બદલશે નહીં. આ મુદ્દા પર અમે મક્કમ છીએ. અમે માથુ કાપી નાંખનાર લોકોથી લોકોને બચાવી લઈશું. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી હિન્દુ મજબૂત અને એક મત થશે નહીં ત્યાં સુધી શાંતિ થશે નહીં. પાકિસ્તાનને પણ ભારતની ભૂમિક તરીકે ગણાવીને તેમણે કહ્યું હતું કે, ૧૯૪૭માં જે કંઈ પણ થયું તેના કારણે પાકિસ્તાનની રચના થઈ હતી અને સ્થાયી થયું નથી. પાકિસ્તાન સતત અપરાધ કરી રહ્યું છે.

બાંગ્લાદેશી ઘુસણખોરો અપરાધ કરી રહ્યા છે. અમે સહન કરી રહ્યા છીએ પરંતુ હવે અમે સહન કરીશું નહીં. અમે જાણી ગયા છીએ કે અમને શું કરવાનું છે. દુનિયાભરમાં આતંકથી ભયભીત લોકોને મદદ હિન્દુ લોકો જ કરી શકે છે. ભાગતવે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ધર્માંતરણનો વિરોધ કરી રહેલા લોકોને કાયદો લાવવો જોઈએ. સંસદમાં આની સામે કાયદો લાવી શકાય છે. અન્ય ધર્મથી હિન્દુવાદને લઈને તેમણે વાત કરી હતી. મોહન ભાગવતના આજના નિવેદનનો ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભાગવતના સૂચનો એવા સમયે આવ્યા હતા જ્યારે ભાજપ પ્રમુખે પણ પ્રતિક્રિયા આપી હતી. મોહન ભાગવતના આજના નિવેદન પહેલા દેશભરમાં ધર્માંતરણને લઈને ભારે હોબાળો રહ્યો છે. સંસદના બંને ગૃહોમાં પણ ઘણા દિવસથી ધાંધલ ધમાલ થઈ રહી છે. સંસદની કામગીરી ચાલી શકી નથી.

## પાક નેતાઓના બાળકોને ટાર્ગેટ બનાવવાની તાલિબાનની ધમકી

ઈસ્લામાબાદ, તા. ૨૦

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કુલ પર ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ હવે ત્રાસવાદી સંગઠન તહરિકે તાલિબાને પાકિસ્તાનને ધમકી આપતા કહ્યું છે કે જો ત્રાસવાદીઓને ફાંસી આપવાનો સિલસિલો જારી રહેશે તો નવા હુમલા કરવામાં આવશે. આ વખતે નેતાઓના બાળકો અને લશ્કરી અધિકારીઓના બાળકોને ટાર્ગેટ બનાવવામાં આવશે. આ પ્રકારની ધમકી બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાની અધિકારીઓને આ ધમકી એક પત્ર મારફતે આપવામાં આવી છે. આ પત્ર મોહમ્મદ ખરસાની તરફથી મોકલવામાં આવ્યો છે. જેને તહેરિકે તાલિબાનના લીડર મુલ્લા ફજલુલ્લાના ટોપ કમાન્ડર તરીકે ગણવામાં આવે છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પાકિસ્તાન સરકાર આ પત્ર પ્રમાણિક છે કે કેમ તેને લઈને તપાસ કરી રહી છે. આ પત્રમાં બાળકોની હત્યાને યોગ્ય ઠેરવીને કહેવામાં આવ્યું છે કે જો પાકિસ્તાનમાં દોષિત જાહેર થયેલા લોકોને ફાંસી આપવાનો સિલસિલો જારી રહેશે તો નવા હુમલા કરવામાં આવશે. આ પત્રમાં ભારતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.નવી ધમકીને પાકિસ્તાની સુરક્ષા સંસ્થાઓ ખુબ ગંભીરતાતી લઈ રહી છે. પત્રમાં કંદાર હાઈજેકિંગના બદલે મુક્ત થયેલા અને ડેનિયલ પર્લના હત્યારા ઉમર શેખને ફાંસી આપવાની સજા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. પત્રમાં સાફ શબ્દોમાં ધમકી આપવામાં આવી છે કે જો જેલમાં રહેલા કોઈ ત્રાસવાદીને ફાંસી કરાશ તો વધુ બાળકોને મોતને ઘાટ ઉતારીને બદલો લેવામાં આવશે. પત્રમાં કહેવામાં આવ્યુ છે કે જો અમારા કોઈ સાથીને નુકસાન થસે તો સેનાના જનરલો અને નેતાઓના ઘરમાં માતમ રહેશે.પત્રમાં પાકિસ્તાન સરકાર ઉપર આક્ષેપ કરાયો છે કે, તે સેનાના અધિકારીઓ અને આઈએસઆઈએસના લોકોને મોહરા તરીકે ઉપયોગ કરી રહી છે. આ બન્ને સંસ્થાઓને બદલી નાંખવાની જરૂરીયાત ઉપર પણ ભાર મુકાયો છે. માનવ અધિકાર સંગઠનો ઉપર પણ દબાણ લાવવામાં આવ્યું છે અને જણાવાયું છે કે, સરકારના નિર્ણયો અંગે માનવ અધિકાર સંગઠન મૌન કેમ છે. પત્રમાં પાકિસ્તાન સરકારના સમર્થનમાં અવાજ ઉઠાવનાર ઈસ્લામિક વિદ્વાનોને ખુલ્લી ચર્ચા કરવા મેદાનમાં આવવાની અપીલ પણ કરવામાં આવી છે.



બોલીવુડના મેગા સ્ટાર અમિતાભ બચ્ચને નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં દિલ્હીમાં ફેલાયેલી શીત લહેરની અસર સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

## દિલ્હીમાં સરકારી શાળાઓની સ્થિતિને સુધારાશે : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૨૦

સરકારી સ્કુલોની સ્થિતિને સુધારવા અને આ સ્કુલોની ખાનગી જેવી બનાવી દેવાનું વચન આપતાં આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, શિક્ષણ દરેક બાળકના મૂળભૂત અધિકાર સમાન છે. સેન્ટસ્ટીફન કોલેજમાં એનજીઓ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હીમાં સરકારી સ્કુલોની હાલત ખૂબ જ કફોડી બનેલી છે. ચોક્કસ હીત ધરાવતા તત્વોના કારણે આવી સ્થિતિ થયેલી છે.

કેજરીવાલે કહ્યું હતું કે, ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી સ્કુલોની વિરુદ્ધમાં અમે નથી. પરંતુ કેટલીક સ્કુલો મોટા ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેથી આ લોકો જંગી રકમ કમાવવાના હેતુસર વિદ્યાર્થીઓની સંખ્યાને પણ વધારી દે છે. આ પ્રવાહને સુધારવાની જરૂર છે. દિલ્હીમાં તેમની સરકાર આવશે તો તેમની પાર્ટી સરકારી સ્કુલોની સ્થિતિને સુધારવા તમામ પ્રયાસ કરશે. સારા અને અમીર લોકો પણ સરકારી સ્કુલમાં તેમના બાળકોને મોકલે તેવી સ્થિતિ સુધારવામાં આવશે. કેજરીવાલે કહ્યું હતું કે દેશમાં શૈક્ષણિક સ્થિતિને સુધારવા માટે નાણાંની કોઈ અછત નથી. સારા શિક્ષકોની અછત હોવાના અહેવાલને તેઓએ રદીયો આપ્યો હતો. સરકારે શિક્ષકોને ક્લાર્ક બનાવી દીધા છે. તેઓ અન્ય કામો કરતા રહે છે. તેમણે કહ્યું હતું કે, સ્થાનિક કમીટીઓની રચના કરવામાં આવશે. સ્કુલ પ્રવેશ વ્યવસ્થાને સુધારવામાં આવશે. કેજરીવાલે સ્કુલોમાં ડ્રોપ આઉટના રેટને લઈ ચિંતા વ્યક્ત કરી હતી.

### સમાચાર ઝલક

- સોશિયલ મીડીયા પર રાજકીય વિરોધ દર્શાવવો એ ગુનો નથી : કેન્દ્ર સરકાર.
- ઓસ્ટ્રેલિયામાં ૮ બાળકોની સામુહિક હત્યાથી હાહાકાર.
- સૂરતમાં ૧૦ લાખની આંગડિયા લૂંટને પોલીસે મજાક ગણાવી અને અમદાવાદમાંથી ગુનેગારો ઝડપાયા.
- અંકલેશ્વરમાં કેડિલા હેલ્થ કેર કંપનીમાં આગથી એકનું મોત એક ગંભીર.
- કોમ્પ્યુટર ટ્રિપલ સીની પરીક્ષા પાસ થનાર ને જ બઢતી આપવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો.
- દરિયા-ટાપુઓ પર ત્રિસ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો.
- ખાડીયાના ભાજપના બે આગેવાનોના શિરડી પાસે અકસ્માતમાં થયેલ મૃત્યુ.
- હવે સ્પીડ પોસ્ટની એક જ દિવસમાં ડિલિવરી થશે.
- એસ.ટી. પાસે ૧૫૦૦૦ ટિકીટ ઈશ્યુ કરવાના મશીનો બંધ હાલતમાં.
- મોરબીમાં સફાઈ કામનું ટ્રેક્ટર રિવર્સ લેતાં ગાંધીબાપુની પ્રતિમા ખંડિત થઈ.
- રાજકોટ-દિલ્હીની સીધી વિમાની સેવા શરૂ થશે.
- અમદાવાદમાં પોલીસ વાહનને અકસ્માત થયો. પોલીસનું મોત. બે પોસઈ ઘવાયા.
- ક્યુબા સાથે મૈત્રી સંબંધો અમેરિકા બાંધશે.
- આધાર કાર્ડ પરથી મળી જશે નવું સીમ કાર્ડ.
- ૧ કરોડ બોગસ ગેસ કનેક્શન કપાશે. ૩૪૦૦ કરોડની બોગસ સબસીડી બચશે.
- ગુજરાત યુનિવર્સિટીને ૧૨ કરોડની ગ્રાન્ટ મળી, ખર્ચ આયોજન માટે સમય નથી!
- અમદાવાદ શહેરમાં ૫ હજાર સ્ટ્રીટ પોલ બંધ.
- અન્ડરવર્લ્ડની ધમકી પછી કેન્દ્રીય મંત્રી નકવીની સુરક્ષામાં થયો વધારો.

## કાશ્મીરમાં ૭૬ અને ઝારખંડમાં ૭૧.૨૫ ટકા મતદાન

રાંચી/શ્રીનગર,તા. ૨૦

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કામાં આજે શાંતિપૂર્ણરીતે રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. હવે ૨૩મી ડિસેમ્બરના દિવસે મતગણતરી હાથ ધરાશે ત્યારે બંને રાજ્યોમાં કોણ સરકાર બનાવશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. ઉંચા મતદાનના કારણે રાજકીય પક્ષોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરમાં આજે ૭૬ ટકા મતદાન થયું હતું જ્યારે ઝારખંડમાં ૭૧.૨૫ ટકા જેટલું ઐતિહાસિક ઉંચુ મતદાન થયું હતું. મોટાભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

બંને રાજ્યોમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. કેટલીક જગ્યાએ શરૂઆતમાં જ લાંબી લાઈનો જોવા મળી હતી. તીવ્ર ઠંડી હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. જમ્મુ કાશ્મીરમાં ૨૦ અને ઝારખંડમાં ૧૬ બેઠકો માટે મતદાન યોજાયુ હતું. મોદીની લહેર વચ્ચે ભાજપે બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ અંતિમ જમ્મુ કાશ્મીરમાં ૨૦ બેઠકો માટે મતદાન ઉંચુ મતદાન થયું હતું. આ તબક્કામાં ૨૧૩ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ઝારખંડમાં ૧૬ મહિલા ઉમેદવારો પૈકી ૨૦૮ ઉમેદવારો ભાવિ સીલ થઈ ગયા હતા. મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકો પણ મતદાનમાં જોડાયા હતા. કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ કાશ્મીરમાં અંતિમ તબક્કામાં ૨૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું. અહી ૨૧૩ ઉમેદવારો છે. જેમાં નાયબ મુખ્યપ્રધાન તારા ચંદ પણ સામેલ છે. આ ઉપરાંત શામલાલ શર્મા, રમણ ભલ્લા, મનોહર લાલ શર્મા, અજય સધોત્રા, લાલ સિંહ, તાલીબ હુસૈન, જીતેન્દ્ર બાબુના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જમ્મુ કાશ્મીરમાં કુલ ૧૮૨૮૯૦૪ મતદારો હતા. જેમાં ૯૫૯૦૧૧ પુરૂષ મતદારો અને અને ૮૬૯૮૯૧ મહિલા મતદારો હતા. મોટા ભાગના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને ૭૬ ટકા જેટલા મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા બહાર નિકળ્યા હતા. ત્રણ સરહદી જિલ્લામાં ૨૩૬૬ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા જ્યાં તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ તબક્કામાં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર છે. કારણ કે વર્ષ ૨૦૦૮માં વિધાનસભાની ચૂંટણીમાં અહીં ભાજપને સૌથી



વધુ ૧૦ બેઠકો મળી હતી. કોંગ્રેસને પાંચ, એનસીને બે અને પીડીપીને એક બેઠક મળી હતી. બે બેઠકો અપક્ષે જીતી હતી. પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી ભાજપ પ્રથમ વખત રાજ્યમાં સરકાર બનાવવા માટે ઉત્સુક છે. તે મિશન ૪૪ને લઈનેવ્યસ્ત છે. મોદી પ્રચાર કરવામાં વ્યસ્ત રહ્યા હતા. બીજી બાજુ ઝારખંડમાં પણ ભાજપ લડાયક છે. ઝારખંડમાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તંત્ર સજ્જ હતું . અહીં ૧૬ મહિલા સહિત ૨૦૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. રાજ્યમાં ૧૭૮૪૪૮૬ મહિલા મતદારો સહિત કુલ ૩૬૯૦૦૬૯ મતદારો હતા. ૨૩૧૧૪૮ મતદાર એવા હતા જેમની વય ૧૮-૧૯ વર્ષ વચ્ચેની છે. ૧૬ સીટ પૈકી નવ જનરલ સીટ છે જ્યારે સાત આદિવાસી માટે રિઝર્વ છે. કુલ ૪૪૪૮ મતદાન મથકો પર આજે સવારે શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ થયું હતુ. ચૂંટણી પંચે ૨૨૨૪૦ પોલિંગ કર્મચારીઓ તૈનાત કર્યા હતા. બન્ને રાજ્યોમાં પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી. તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ પગલા લેવામાં આવ્યા હતા. મતદાન દરમિયાન અનિચ્છનીય બનાવને ટાળવા સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. તાજેતરમાં એકાએક ત્રાસવાદી હુમલા વધી ગયા બાદ વધારે પગલા ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવ્યા હતા.